

# શો ફાયદો ! ચાલીસા

દોહરા : માનવ દેહ આ અણમૂલો, શીદ બગાડો આમ
કરની એવી ભરની મળે, સમજો ચતુર એ નામ
કોણ કોને મારે ને મારશે ?
નિમિત્ત સર્જ્યું રાજ
અગ્નિમાં ઘીને હોમતાં,
એ રાખે ના કોઈની લાજ ॥

પક્ષા-પક્ષીની ગરમા-ગરમીમાં પ્રજાજનોને શો ફાયદો ! ૧
એક હૂંસી ઘોડો આખી પાયદળને નડે, જન જીવનને શો ફાયદો ! ૨
રક્ષક જ જ્યાં ભક્ષક થઈ ફરતો, એમાં પરિવારને શો ફાયદો ! ૩
હરામનું ખાઈને ફરતા આખલાને, એ મસ્ત કહેવાથી શો ફાયદો ! ૪
જે નેતાને પોતાનો જ જ્યાં ડર છે, એ નેતાથી શો ફાયદો ! ૫
બીજાની ખીચડી ઝટપટ ખાયે, એવા ખોપરાથી શો ફાયદો! ૬
કોણ લડાવે કોણ લડે ભાઈ, એવી લડાઈથી શો ફાયદો ! ૭
પરસ્પરે જ્યાં પ્રેમ નથી ત્યાં, કેમ છો કહેવાથી શો ફાયદો ! ૮
શાંતિ કહેનારા અશાંતિ પ્રિય જ્યાં, તેના શ્રવણથી શો ફાયદો ! ૯
આંખની સામે લાશો પડતી, એ જનજીવનથી શો ફાયદો ! ૧૦
મારે શું ને મારું શું ?એવી વૃત્તીમાં પ્રવૃત્ત થવાથી શો ફાયદો ! ૧૧
હિન્દુ મુસ્લીમ સદા ભાઈ ભાઈ, કેવળ કહેવાથી શો ફાયદો ! ૧૨
ઈશ્વર-અલ્લાહ તેરા નામ, ફક્ત ગાયા કરવાથી શો ફાયદો ! ૧૩
બાહુ-બળિયા છો તો જાવ સરહદ પર, અહીં લડવાથી શો ફાયદો ! ૧૪
આંતકવાદી આપણે થયા અહીં, બીજાને કહેવાથી શો ફાયદો ! ૧૫
જેના હાથમાં લાઠી તેની ભેંસ, તો રક્ષક મૂકવાથી શો ફાયદો ! ૧૬
મારો - કાપો - આગ લગાડો, આમ કરવાથી શો ફાયદો ! ૧૭
મંદિર - મસ્જીદમાં આતમ બીરાજે, તોડફોડ કરવાથી શો ફાયદો ! ૧૮
ખુરશીવાળાનો તમાશો છે ભાઈ, માંહે માંહે લડવાથી શો ફાયદો ! ૧૯
લંકામાં ભાઈ આગ લાગી, અહીં પાણી છાંટવાથી શો ફાયદો ! ૨૦
બ્લેક કમાન્ડોથી રક્ષાએલાને, દેશ નેતા કહેવાથી શો ફાયદો ! ૨૧
ભાષણમાં મીઠી જબાન સાંભળી, તાળીઓ પાડવાથી શો ફાયદો ! ૨૨
જાગો, ભાઈ સમજો જન જીવનને, નકામી લડાઈથી શો ફાયદો ! ૨૩
આપણા કેટલાને એમના કેટલા, એવું ગણ્યા કરવાથી શો ફાયદો ! ૨૪
દિવસ ગયો ને રાત ભડકી જ્યાં, એવા ઉજાગરાથી શો ફાયદો ! ૨૫
વા વાયાથી નળિયું ખસ્યું ને, ગરમ પડીકાથી શો ફાયદો ! ૨૬
માનવ થઈ માનવતા ગુમાવે, એને માનવ કહેવાથી શો ફાયદો ! ૨૭
આજે રક્ત બુંદની ખૂબ જરૂર છે, અહીં કાપા-કાપી કરવાથી શો ફાયદો
નજર કરો પેલા દર્દી ઉપર અહીં નકામું કરવાથી શો ફાયદો ! ૨૯
લડાઈ આપણે લડશું ને ભાઈ, પેલા આખલાને ડોલવાથી શો ફાયદો ! ૩૦
મદારીના શીદ માંકડા બનીએ, એના ઈશારે નાચ્યાથી શો ફાયદો ! ૩૧
ભારત માતાનાં આપણે સંતાનો, માને કુમાતા કહેવાથી શો ફાયદો ! ૩૨
કેસરી નાદની ગર્જના આપણી, મેં મેં કરવાથી શો ફાયદો ! ૩૩
વેરથી વેર વધે વિશ્વમાં, એવું વેર વાળવાથી શો ફાયદો ! ૩૪
સત્તા આગળ શાણપણ નકામું, બિરબલ બનવાથી શો ફાયદો ! ૩૫
પહેલાંના રાજવી ધર્મને પૂજતા, આજ અધર્મ પૂંજવાથી શો ફાયદો ! ૩૬
આપણા પૈસે તાગડધીન્ના ને, એવા સાથી કરવાથી શો ફાયદો ! ૩૭
મર્યા પછી કોઈ પુછતું નથી ભાઈ, એવા કમોતે મારવાથી શો ફાયદો ! ૩૮
આપણે બધા એક ઈશ્વરના, ફૂંકી મારવાથી શો ફાયદો ! ૩૯
લખ્યું-વાચ્યું બહુ સરસ કહ્યું, છતાં ના સમજ્યાથી શો ફાયદો ! ૪૦

- જગદીશ સોની (ગુરૂજી)

● દોહરા : શો ફાયદો આ ચાલીસા, વાંચી કરો વિચાર,
સમજી જોશો આપ મેળે, તો જીવનનો મળશે સાર.